# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***********************************************************

1. નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આજથી ખાસ સઘન સુધારણા કવાયતના બીજો રાઉન્ડનો પ્રારંભ
2. ઉત્તરાખંડની કુમાઉ યુનિવર્સિટીના 20મા પદવીદાન સમારોહમાં પદવી એનાયત કરતા રાષ્ટ્રપતિએ શિક્ષણમાં શ્રદ્ધા રાખવાની શીખ આપી
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'મેરા બૂથ સબસે મજબૂત' પહેલ હેઠળ બિહારની મહિલાઓ સાથે સંવાદ સાધશે
4. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે
5. રોમાનિયાએ દર વર્ષે 30 હજાર કુશળ ભારતીય વ્યાવસાયિકોને રોજગારી આપવાની તૈયારી દર્શાવી

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# SIR

ચૂંટણી પંચે આજે તેની ખાસ સઘન સુધારણા કવાયત નો બીજો રાઉન્ડ શરૂ કર્યો છે, જેમાં નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે, જેમાં લગભગ 51 કરોડ મતદારો છે. SIR 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 9 ડિસેમ્બરે બહાર પાડવામાં આવશે, ત્યારબાદ 7 ફેબ્રુઆરી, 2026 ના રોજ અંતિમ મતદાર યાદી જાહેર કરાશે...

સ્વતંત્રતા બાદ આ નવમો આ પ્રકારનો સુધારા છે, નવા તબક્કામાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આમાં, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં 2026 માં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. બિહારમાં તેના અમલીકરણ પછી, આ SIR નો બીજો તબક્કો છે, જ્યાં લગભગ 7.42 કરોડ નામો ધરાવતી અંતિમ મતદાર યાદી 30 સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ UTTRAKNAD VISIT

આજે ઉત્તરાખંડની મુલાકાતના ત્રીજા અને અંતિમ દિવસે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નીમ કરોલી બાબાના આશ્રમ અને નૈનીતાલમાં મા નૈના દેવી મંદિરમાં પ્રાર્થના કરી, રાષ્ટ્ર માટે શાંતિ અને સમૃદ્ધિની કામના કરી.

આ પ્રસંગે ઉત્તરાખંડના રાજ્યપાલ નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ગુરમિત સિંહ પણ હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ મુર્મુએ કુમાઉ યુનિવર્સિટીના 20મા પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી, અને સ્નાતક અને અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓને મેડલ એનાયત કર્યા હતાં.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ શિક્ષણમાં શ્રધ્ધા રાખવા માટે પદવી ધારકોને શીખ આપી હતી.

## (બાઇટ- દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ, શિક્ષા)

શ્રીમતી મુર્મૂએ વિદ્યાર્થીનીઓની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

## (બાઇટ- દ્રૌપદી મુર્મૂ, બેટિયા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-MERA BOOTH SABSE MAZBOOT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી મોદી "મેરા બૂથ સબસે મજબૂત" પહેલના ભાગ રૂપે આજે બિહારમાં મહિલાઓ સાથે વાતચીત કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આ વાતચીત માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો, અને કહ્યું કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ-એનડીએ ગઠબંધનની જીત સુનિશ્ચિત કરવા માટે મહિલાઓ પૂરા દિલથી યોગદાન આપી રહી છે.

તેમણે કહ્યું કે આ અભિયાનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી બિહારમાં લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR CAMPAIGNING

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ તબક્કામાં 18 જિલ્લાઓની 121 વિધાનસભા બેઠકો માટે 6 નવેમ્બરના રોજ કડક સુરક્ષા વચ્ચે મતદાન થશે.

તમામ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો અને **NDA,** મહાગઠબંધન અને અન્ય રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ આજે મતદારોને આકર્ષવા માટેના અંતિમ પ્રયાસ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD SUMMIT-MANDAVIYA

કેન્દ્રિય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજથી 6 નવેમ્બર દરમિયાન કતાર રાજ્ય દ્વારા આયોજિત બીજા વિશ્વ સામાજિક વિકાસ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે દોહા પહોંચ્યા છે.

સમિટ દરમિયાન ડૉ. માંડવિયા આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સામાજિક ન્યાય માટે વૈશ્વિક જોડાણ પર મંત્રી સ્તરીય સંવાદમાં ભાગ લેશે અને સમાવેશી અને સમાન વિકાસ માટેના ભારતના દ્રષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરશે.

તેઓ સામાજિક વિકાસના ત્રણ સ્તંભોને મજબૂત બનાવવા પર ઉચ્ચ-સ્તરીય ગોળમેજી પરિષદને સંબોધિત કરશે અને સમાવેશી અને ડિજિટલી સક્ષમ વિકાસ તરફ ભારતની પરિવર્તનશીલ યાત્રા પર પ્રકાશ પાડશે.

ડૉ. માંડવિયા કતાર, રોમાનિયા, મોરેશિયસ અને યુરોપિયન યુનિયનના મંત્રીઓ તેમજ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ડિરેક્ટર-જનરલ અને સંયુક્ત રાષ્ટ્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે અનેક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.

તેઓ શ્રમ અને રોજગાર મંત્રાલય અને ભારતીય વેપાર અને વ્યાવસાયિક પરિષદ દ્વારા સંયુક્ત રીતે આયોજિત રાષ્ટ્રીય કારકિર્દી સેવા પોર્ટલ પર એક કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# CII STEEL SUMMIT

ભારતનું **2030** સુધીમાં **300** મિલિયન ટન અને **2047** સુધીમાં **500** મિલિયન ટન સ્ટીલ ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય છે. સ્ટીલ મંત્રાલયના સચિવ સંદીપ પાઉન્ડ્રિકે આજે નવી દિલ્હીમાં **CII** સ્ટીલ સમિટના ઉદ્ઘાટન સત્રને સંબોધતા આ મુજબ કહ્યું હતું. તેમણે સ્ટીલ ઉદ્યોગને રાષ્ટ્રીય અર્થતંત્રની કરોડરજ્જુ અને વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવામાં મુખ્ય પરિબળ ગણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતની સ્ટીલ ક્ષમતા એક દાયકા પહેલા લગભગ **100** મિલિયન ટનથી લગભગ બમણી થઈને હવે **200** મિલિયન ટન થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આ વર્ષના પ્રથમ છ મહિનામાં સ્ટીલ ક્ષેત્રે **8.5** ટકાનો વિકાસ નોંધાવ્યો છે.

સરકાર ઓછા કાર્બન, સ્પર્ધાત્મક સ્ટીલ ઇકોસિસ્ટમને ચલાવવા માટે રાષ્ટ્રીય ટકાઉ સ્ટીલ મિશન હેઠળ ગ્રીન અને હાઇડ્રોજન-આધારિત સ્ટીલ ટેકનોલોજીને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ROMANIA INDIAN-PROFESSIONALS

રોમાનિયાએ દર વર્ષે 30 હજાર કુશળ ભારતીય વ્યાવસાયિકોને રોજગારી આપવાની તૈયારી દર્શાવી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદ અને રોમાનિયાના શ્રમ, પરિવાર, યુવા અને સામાજિક એકતા મંત્રી પેટ્રે-ફ્લોરિન મેનોલ વચ્ચે બુકારેસ્ટમાં થયેલી બેઠક દરમિયાન રોમાનિયાએ કુશળ ભારતીય વ્યાવસાયિકોને રોજગારી આપવાની તૈયારી દર્શાવી હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ગઈકાલે જારી કરાયેલા એક નિવેદન મુજબ, બંને મંત્રીઓએ કુશળ વ્યાવસાયિકોના સલામત, વ્યવસ્થિત, નિયમિત અને જવાબદાર સ્થળાંતરને પ્રોત્સાહન આપવા માટે ભારત અને રોમાનિયા વચ્ચે મજબૂત અને ગતિશીલ ભાગીદારી બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી, જે પરસ્પર લાભ માટે શ્રમ બજાર જોડાણ વધારશે.

બેઠકમાં ભરતી પ્રક્રિયાઓ, ભાષા અને વ્યાવસાયિક તાલીમ, પ્રમાણિત રોજગાર કરારો તેમજ પ્રમાણિત નોકરીદાતાઓ માટે ઝડપી પ્રક્રિયાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.સામાજિક સુરક્ષા કરારની શક્યતા પર પણ ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JITIN PRASADA-MEETING

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી જિતિન પ્રસાદે બુકારેસ્ટમાં રોમાનિયાના મંત્રી સાથે બેઠક કરી હતી. જેમાં બંને દેશો વચ્ચે વેપાર વધારવા, રોકાણ આકર્ષવા અને વ્યાપક ભારત-યુરોપીયન યુનિયન આર્થિક માળખામાં સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરાઇ હતી. બંને દેશો વાજબી અને સંતુલિત ભારત-યુરોપીયન યુનિયન મુક્ત વેપાર કરાર પર સંમત થયા હતા.

બંને નેતાઓએ ભારત અને રોમાનિયા વચ્ચે સ્થિર વેપાર અને રોકાણ કરારોની સમીક્ષા કરી. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને દેશો પેટ્રોલિયમ ઉત્પાદનો, એન્જિનિયરિંગ માલ, ફાર્માસ્યુટિકલ્સ અને સિરામિક્સ જેવા પ્રાથમિકતા આપતા ક્ષેત્રોમાં જોડાણોને વધુ ગાઢ બનાવવા અને બંને બાજુ બજાર વધારવા માટે, પરીક્ષણ અને રોકાણ ભાગીદારીમાં સહયોગને સરળ બનાવવા સંમત થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDUSTRY COASTA RICA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના કૃષિ અને પ્રક્રિયાકૃત ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળે છત્તીસગઢથી કોસ્ટા રિકામાં 12 મેટ્રિક ટન ફોર્ટિફાઇડ રાઇસ કર્નલના પ્રથમ નિકાસ કન્સાઇન્મેન્ટને મંજૂરી આપી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પહેલ સરકારના કુપોષણ મુક્ત ભારતને આગળ ધપાશે.. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે છત્તીસગઢ ચોખા અને ફોર્ટિફાઇડ ચોખાના ઉત્પાદનોના નિકાસને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે.

તેમાં ઉમેર્યું હતું કે આ પગલાથી રાજ્યના ખેડૂતો, મિલરો અને નિકાસકારો આંતરરાષ્ટ્રીય બજારોમાં ઓળખ મેળવી શકશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ECI-WB-TOUR

સિનિયર નાયબ ચુંટણી કમિશનર જ્ઞાનેશ ભારતીના નેતૃત્વમાં ત્રણ સભ્યોની ચૂંટણી પંચની ટીમ પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. આવતીકાલથી 8 નવેમ્બર સુધી આ ટીમ બાંગ્લાદેશની સરહદે આવેલા ઉત્તર બંગાળના કૂચ બિહાર, જલપાઇગુડી અને અલીપુરદુઆર જિલ્લાઓની સમીક્ષા કરશે.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલ પણ ટીમ સાથે રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ISREAL - HAMAS

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું કે, ઇઝરાયલ તેના નિયંત્રણ હેઠળના ગાઝામાં બસો હમાસ આતંકવાદીઓને સુરક્ષિત રીતે પ્રવેશવાની મંજૂરી નહીં આપે. ઇઝરાયલે આવા પગલા પર વિચારણા થઈ રહી છે એવા અહેવાલોને ફગાવી દીધા છે.

તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નેતન્યાહૂ હમાસને નિઃશસ્ત્ર કરવા અને ગાઝા પટ્ટીનું બિનલશ્કરીકરણ કરવાની તેમની પ્રતિબદ્ધતા પર અડગ છે, અને ઇઝરાયલી દળો સામે આતંકવાદી ધમકીઓને નિષ્ફળ બનાવવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .